| Innovation ID | DTP0010000002509 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | લીલી ઈયળનું નિયંત્રણ |
| Category | પાક સંરક્ષણ |
| Notebook Number | lok (૧) ૫-૬ Dec- ૧૯૯૬ Pg No. ૮ |
| Brief | તુવેર(Cajanas cajan)અનેકપાસ (Gossypium herbaceum)ના પાકમાં બાજરી(Pennisetum typhoides)નો લોટ, પાણીના મિશ્રણને છાણના ઉકરડામાં દાટી દ્રાવણ તૈયાર કરી છંટકાવ કરીને લીલી ઈયળનું નિયંત્રણ કરવું. |

**Detail**

તુવેર(Cajanas cajan) અને કપાસ(Gossypium herbaceum)માં લીલી ઈયળનો ઉપદ્રવ ખૂબ જ જોવા મળે છે. તુવેરમાં શીંગમાંથી દાણા તથા કપાસમાં જીંડવા ખાઈ મોટા પ્રમાણમાં નુકશાન કરે છે. ચાલુ સાલે સાબરકાંઠા અને ખેડા જિલ્લામાં આ ઈયળના ઉપદ્રવથી ત્રાસી જઈને ખેડૂતોએ કપાસનો ત્રણ-ત્રણ મહિનાનો પાક કાઢી નાખ્યો છે.
રાજકોટ જિલ્લાના જેતપુર ગામના ખેડૂત શ્રી લક્ષ્મણભાઈ રાદડીયાએ લીલી ઈયળના નિયંત્રણ માટે બાજરી(Pennisetum typhoides)ના લોટનો ઉપયોગ કરે છે.
ખેડૂતના જણાવ્યા મુજબ ૧૫ લિટર પાણીમાં, અડધો કિલો બાજરીનો દસ-બાર દિવસ વાસી થયેલ લોટ મિશ્ર કરવામાં આવે છે. ત્યારબાદ, હવાચુસ્ત વાસણમાં બંધ કરી છાણના ઊકરડામાં દાટવામાં આવે છે. ૨૦ દિવસ પછી તેને ઉકરડામાંથી બહાર કાઢી કપડા વડે ગાળી લેવામાં આવે છે. તૈયાર થયેલ આ દ્રાવણને ૧૫ લિટર પાણીમાં ૧૦૦ મિલી પ્રમાણે છંટકાવ કરવાથી બે-ત્રણ દિવસમાં જ ઈયળનું સંપૂર્ણ નિયંત્રણ થાય છે.
ગયા વર્ષે રાસાયણિક દવાઓના ઉપયોગ કરવા છતાં જ્યારે ઈયળ કાબૂમાં ન આવી ત્યારે ધોરાજી તાલુકાના પરબડી ગામના શ્રી લાલજીભાઈ વેલજીભાઈ પાધડારએ પણ આ પદ્ધતિ અજમાવતાં સારા પરિણામો મેળવ્યાં છે.
સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા ગામના વતની શ્રી રાજેશભાઈ જીવરાજભાઈ હીરાણી તેમના અનુભવે જણાવે છે કે, આ પદ્ધતિમાં હાઈબ્રીડ બાજરી કરતાં દેશી બાજરા (બૂહો) નો ઉપયોગ કરવામાં આવે તો તેની અસરકારકતા વધી જાય છે.

(ગુજરાત કૃષિ યુનિવર્સિટીના પ્રો.કે. ડી સોલંકી અને ડૉ. જી.એમ પટેલ જણાવે છે કે, બાજરીનો લોટ વાસી થતાં કેટલીક જીવ રાસાયણક પ્રક્રિયાને લીધે ખોરો થઈ જાય છે. આવા લોટને ૧૦-૧૫ દિવસ હવાચુસ્ત પાત્રમાં ઉકરડામાં દાટવાથી આલ્કોહોલ જેવો કોઈ પદાર્થ પણ ઉત્પન્ન થવાની શક્યતા છે જે ઈયળના નિયંત્રણ માટે કારણભૂત હોઈ શકે. ૧૯૯૫-૯૬માં જય રિસર્ચ ફાઉન્ડેશન વાપીમાં સૃષ્ટિએ કરેલ પ્રયોગમાં (Spodoptura litura) પર બાજરીનો વાસી લોટ છાંટવા અસરકારક નિયંત્રણ થયેલું જોવા મળ્યું છે.

(નોંધ:- ઉપરોક્ત પદ્ધતિ વિશે ખેડૂત કંઈપણ જાણતા નથી. પરંતુ સંકલનકર્તા એ લક્ષ્મણભાઈના નામે આ પદ્ધતિ લખેલ છે.)

(નોંધ:- પોતે લક્ષ્મણભાઈ રામજીભાઈ રાદડીયા તેમના લગ્ન જૂનાગઢ તાલુકાના માખીયા ગામમાં થયેલ છે. તેમના પત્ની રાધાબેન લક્ષ્મણભાઈ તે માખીયા ગામમાં તેમના ભત્રીજા મહેશ. સી. ગજેરા છે. તેમના આ લક્ષ્મણભાઈ ફુઆ થાય છે. જેથી તેમણે સંબંધ .... જેની આ માહિતી આપેલ છે.) (પોતે ખેડૂત કહે છે કે મહેશ. સી નોકરી કરતો હતો તે સમયે આવું લખેલ છે. આવું જાણતા નથી. અમારી પાસે બિલકુલ જમીન નથી. અને અમે જેતપુર સીટીમાં રહીએ છીએ. છોકરો સુરતમાં હીરા દ ઘસે છે. અમારી પાસે કોઈ ધંધો છે.)

(નોંધ:- આ પદ્ધતિનું રીચેક નરેન્દ્રભાઈ રાઠવાએ તા. ૧૪-૭-૨૦૦૬માં કરેલ છે.)

| | |
|---|---|
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | બાજરી(Pennisetum typhoides)નો લોટ, છાણ |
| IPR Status | |
| Keywords | બાજરી, Pennisetum typhoides,લોટ, છાણ, લીલી, ઈયળ, નિયંત્રણ, રાજકોટ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૯૨ | Member Type | Scout | | |
| First Name | દિલીપભાઈ | Middle Name | ડી. | Last Name | કોરડીયા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો. ભુભલી | Taluka | ઘોઘા | | |
| District | Bhavnagar | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૯૭ | Member Type | Innovator | | |
| First Name | લાલજીભાઈ | Middle Name | વેલજીભાઈ | Last Name | પાઘડર |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. પરબડી | Taluka | ધોરાજી | | |
| District | Rajkot | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૨૨ | Member Type | Verifier | | |
| First Name | નરેન્દ્રભાઈ | Middle Name | અજેસિંહ | Last Name | (રાઠવા) ચૌહાણ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. લીમડીયા, પો. કંજેટા | Taluka | ધાનપુર | | |
| District | Dahod | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002557 | Sr No : 2 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | મગ(Vigna radiata)માં ફૂલ વધારવા અને મોલોનું નિયંત્રણ |
| Category | પાક સંરક્ષણ |
| Notebook Number | lok (૨) ૨-૩ Jun- ૧૯૯૭, Pg No. ૧૧ |
| Brief | મગ(Vigna radiata)માં ફૂલ વધારવા અને મોલોના નિયંત્રણ માટે તમાકુ(Nicotiana tabacum)નો ભૂકો, કુવારપાઠું(Aloe vera) અને કાળી ગાયની છાશનો ઉપયોગ. |
| Detail | મગ(Vigna radiata)ના પાકમાં સામાન્ય રીતે મોલો મશીનો ઉપદ્રવ જોવા મળે છે. તે પાકના પાન ફૂલ ઉપર બેસીને તેમાંથી રસ ચૂસે છે અને છોડને નબળો પાડે છે.<br>રાજકોટ જિલ્લાના નાની પરબડી ગામના મનસુખભાઈ ગોવિંદભાઈ કાપડીયા મગના છોડ ઉપર ફૂલ વધારવા તેમજ મોલોના નિયંત્રણ માટે તમાકુ(Nicotiana tabacum)નો ભૂકો, કુવારપાંઠુ (Aloe vera) અને કાળી ગાયની છાશનો ઉપયોગ કરે છે.<br>૨૦૦ ગ્રામ દેશી તમાકુ, બે કુવારપાંઠાના પાન, બે લિટર કાળી ગાયની છાશ અને ૧૫ લિટર પાણી લઈ એક પાત્રમાં ૧૫ દિવસ સુધી રાખી મૂકવામાં આવે છે. ત્યારબાદ કપડા વડે ગાળી લઈ એક પંપમાં ૧૦ લિટર પાણીએ, ૧૦૦ મીલી પ્રમાણે મિશ્રણ કરી ૮ થી ૧૦ દિવસના અંતરે આ દ્રાવણનો છંટકાવ કરવામાં આવે છે.<br>ખેડૂતના જણાવ્યા મુજબ, આ દ્રાવણના છંટકાવથી છોડની વૃદ્ધિ અને વિકાસ સારો થાય છે. મોલોનું ૭૦ થી ૮૦ ટકા જેટલું નિયંત્રણ થાય છે. તેમજ ઓછી ખર્ચાળ છે.<br>આ પદ્ધતિ વિશેની માહિતી ખેડૂતે સ્વાધ્યાય પરિવાર કેન્દ્રમાંથી મેળવી હતી.<br>(ડૉ. વી.એમ. વાળંદના જણાવ્યા મુજબ, તમાકુના ઉકાળામાં સાબુ ભેળવીને છાંટવાથી મોલોનું નિયંત્રણ થાય છે. કોબીજમાં મોલોના નિયંત્રણ માટે છાશના છંટકાવના આણંદમાં કરેલ અખતરાના પરિણામ પણ ઘણાં સારા મળેલ છે.<br><br>(નોંધ - આ પદ્ધતિનું પી.આઈ.સી. નરેન્દ્રભાઈ રાઠવાએ તા. ૧૩-૭-૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)<br>આ પદ્ધતિ પાંચ વર્ષ પહેલાં ઉપયોગ કર્યો હતો અને અડધી સફળતા મળી હતી પરંતુ આ પદ્ધતિમાં મહેનત વધારે કરવી પડતી. આ પદ્ધતિ હાલમાં અપનાવેલ નથી. એક જ વાર આ પદ્ધતિ અપનાવી હતી ત્યાર પછી આ પદ્ધતિ અપનાવી નથી. ગામમાં અન્ય ખેડૂત પણ આ પદ્ધતિ અપનાવતા નથી. |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | તમાકુ(Nicotiana tabacum)નો ભૂકો, કુવારપાઠું(Aloe vera) અને કાળી ગાયની છાશ |
| IPR Status | |
| Keywords | મોલોમશી, ફૂલ, મગ, તમાકુ, Nicotiana tabacum, ભૂકો, કુવારપાઠું, Aloe vera, રાજકોટ |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૯૨ | Member Type | Scout |
|---|---|---|---|

First Name દિલીપભાઈ Middle Name ડી. Last Name કોરડીયા
Profession Designation

Address 1

Village મુ.પો. ભુભલી Taluka ઘોઘા

District Bhavnagar State Gujarat Country India

Biography

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૧૧૮૦ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name મનસુખભાઈ Middle Name ગોવિંદભાઈ Last Name કાપડીયા
Profession ખેતી,પશુપાલન Designation ખેડૂત,પશુપાલક

Address 1

Village મુ. નાની પરબડી Taluka ધોરાજી

District Rajkot State Gujarat Country India

Biography ખેડૂતનો પરિચય:
ઉત્તરદાતા ૫૨ વર્ષના છે. તેઓ ૮ પાસ છે. તેમના પત્ની સુખીબહેન મનસુખભાઈ કાપડીયા તેમની ઉંમર ૫૦ વર્ષ છે. તેઓ ૪ ધોરણ પાસ છે. તેમને સંતાનોમાં ૨ છોકરા અને ૧ છોકરી છે. બધાં છોકરાં હાલમાં અભ્યાસ કરે છે. બધાં છોકરાના લગ્ન થયેલ નથી.
માતા પિતા હયાત નથી.
હાલમાં ખેડૂતને કમરનો દુઃખાવો હોવાથી ખેતી મજૂર રાખીને કરાવે છે. ખેતીમાં રસ છે. જમીન ૩૦ વિઘા છે. ખેડૂતને પોતાનો બોર કૂવો છે. તેમાંથી પિયતમાં પાણીનો ઉપયોગ કરે છે. પાકમાં મગફળી, મગ, કપાસ વગેરે થાય છે. શિયાનું દ ાઉં, ડુંગળી, લસણ, વગેરે ઘાસચારા માટે જુવાર, બાજરી, થાય છે. વધારે પડતી ખેતી મગફળી અને કપાસ થાય છે. આ ખેડૂત સાહસિક ખેતીમાં ઉત્સાહી હતા પરંતુ તેમને કમરની બિમારી હોવાથી હાલમાં ખેતીમાં મજૂરો કરીને કરાવવી પડે છે. તેથી નવી ટેકનીકથી ખેતી કરવામાં તકલીફ પડે છે.
ઉત્તરદાતા પાસે ૨ ભેંસ છે. બળદ ૨ છે. ભેંસો દૂધ આપે છે. પથી ૬ લિટર દૂધ આપે છે. આવક ખેતીમાંથી થાય છે. કપાસ જેવા પાકમાં વિઘે ૨૦ થી ૨૫ મણનો ઉતાર આવે છે. સારી એવી મહેનત હોય તો વિઘે ૩૦ મણ સુધીનો ઉતારો આવે છે. મગફળીનો વિઘે ૧૫ થી ૨૦ મણનો ઉતારો આવે છે. આમ આ ખેડૂત સાહસિક છે.

ગામનો પિરચય–
ગામની વસ્તી ૩૦૦૦ છે. ગામમાં પંચાયત છે. સરપંચ નારભાઈ સાગઠિયા છે. આખા ગામમાં ધાબાવાળા મકાન છે. હરિજન અને બાનાના ઘર નળિયા વાળા છે. આખુ ગામ સમુહમાં છે. નાની નાની શેરીઓમાં ગામ આવેલું છે. ગામની શેરીઓ સિમેન્ટ વાળી પાકી છે. ગામમાં બોર કૂવો છે. તેમાંથી પાણીનો ટાંકો છે. તેમાં પાણી આવે છે અને ત્યાં હવાડા બનાવેલા છે. આ હવાડામાં ઢોર પાણી પીવે છે. ગામમાં નળ દ્વારા ઘરે ઘરે પાણી આવે છે. ગામમાં બસ સ્ટેન્ડ છે. ગામમાં બેસવા ઉઠવાનો ચોરો બનાવેલ છે. ત્યાં ગામના બધા આવીને બેસે છે. અને વાતો કરે છે. ગામમાં એક તળાવ છે. ગામમાં ફુલઝર નદી છે. નદીના કિનારે સ્મશાન ગૃહ બનાવેલ છે. આ સ્મશાન ગૃહ ફરતે તારની વાડ છે. તેમાં ૫૦ લીમડાના વૃક્ષ છે. બગીચા જેવું બનાવેલ છે. ગામમાં લીમડા, બાવળ, ગાંડા બાવળ, વડ, પીપળા, નીલગિરી, આંબા ઘરે દ ારે ચીકુ, જામફળ, નાળિયેળીની વાડીઓ આવેલી છે.
ગામમાં જમીન કાળી ગોરાડુ છે.
ગામમાં શિક્ષણની વ્યવસ્થા ૧થી ૭ પ્રા. શાળા છે. ૮થી ૧૦ માધ્યમિક શાળા છે. ગામમાં મુખ્ય લેવા પટેલ છે. હરીજનના ઘર, દરબારના ૧૫ ઘર, બાવાના ૨ ઘર છે. ગામમાં આવકના સાધનોમાં મોટા ટ્રેક્ટર ૧૦ છે. મીની ટ્રેક્ટર ૫ છે. ગામમાં મુખ્ય પાક મગફળી, કપાસ થાય છે. શિયાળુ ઘઉ, જીરૂ થાય છે. ગામથી તાલુકાનું અંતર ૯ કીમી છે. જિલ્લાનું અંતર ૧૧૦ કિમી છે. ગામમાં સવાર સાંજ બે ટાઈમ બસ વ્યવહાર ચાલે છે. ત્યાર પછી ખાનગી વાહનમાં મુસાફરી કરવી પડે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૨૨ | Member Type | Verifier |
|---|---|---|---|

First Name નરેન્દ્રભાઈ Middle Name અર્જેસિંહ Last Name (રાઠવા) ચૌહાણ
Profession Designation

Address 1

Village મું. લીમડીયા, પો. કંજેટા Taluka ધાનપુર

District Dahod State Gujarat Country India

Biography